

# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા



**યોગીબાપા** આજે શમણે આવ્યા
અત્યંત તેજોમય દિવ્ય પ્રસન્નતા સભર મુખારવિંદ
દર્શન કરતાં જ ભાવવિભોર હૈયું દ્રવી ગયું
ચરણસ્પર્શ... ચરણ પખાળી આનંદિત થયું
હસ્ત જોડી સામે ઊભાં વંદન થતાં રહ્યાં
પાસે બોલાવી ખભે હસ્ત પ્રસારી બોલ્યા...
તમ સૌ પર અત્યંત રાજી છીએ
આપે અમને રાજી કર્યા છે... વચન પાળ્યાં છે
તેવા જ ભાવે જશુભાઈ સાહેબને માની સેવો છો
તેઓનાં વચન માની સૌ જીવન જીવો છો
અમારામાં અને તેઓમાં શ્રીજી સ્વામી છે
તેમ માની તેઓને રાજી કરો છો... તો અમે રાજી

બીજી વાત...
અત્યારે આ બીમારી પ્રસરી છે
જશુભાઈ પ્રભુપ્રેરિત માને છે ને તમ સૌને મનાવે છે
આપ સૌ સંતો-ભક્તો ઘરે બેઠા છો
'બ્રહ્મજ્યોતિ'માં શ્રી ઠાકોરજીની સેવા કરો છો
તે સૌને પ્રભુએ ધ્યાન-ભજનનો સમય દીધો છે
તેમ મનાવી સેવા પૂજા પ્રાર્થના સ્વાધ્યાયમાં રત રાખે છે
એક ક્ષણ પણ વ્યર્થ ન જવા દેવી તેમ આજ્ઞા કરે છે
સૌને ફોનની સભા કરવા ને જોડાવા આજ્ઞા કરે છે
આ બધું અમને બહુ ગમે... બહુ રાજી થઈએ

શાસ્ત્રીજી મહારાજ ને સ્વામી શ્રીજી ખૂબ રાજી થાય
જશુભાઈ અમને વ્હાલા તે આપ સૌએ પોતાના કર્યા
તેઓની નાની-મોટી સૌ આજ્ઞા શિર સાટે પાળો
તેમાં અમે રાજી છીએ... ખૂબ ખૂબ રાજી છીએ
આપ સૌને અમારા અંતરના આશીર્વાદ છે
જશુભાઈ સાહેબને ગુરુ માની જીવે છે ને રાજી કરે છે
તે સૌ ભક્તો ઉફર રાજી થઈ આશીર્વાદ વરસાવીએ છીએ

હવે આપને એક મુદ્દાની વાત કહેવી છે
અમને ને જશુભાઈને જુદા ન માનશો
તે બહુ પ્રતાપી છે ને મહારાજે કૃપા કરી દીધા છે
તો તેઓને ઓળખી લેજો... સેવી લેજો
અનંત જન્મોની કસર ટાળી દે તેવા સમર્થ છે
તે મહિમા વિચારજો ને માનજો... ગાજો
તેમાં અમારો રાજીપો છે તે જરૂર માનજો
તમે સૌ અમારા છો... અમારામાં વિશ્વાસ કર્યો
તેથી આજે તમને દર્શન દઈ આ વાત કીધી છે
સૌને આ કહેજો અને અમારા આશીર્વાદ પહોંચાડજો.
શાસ્ત્રીજી મહારાજ તો પ્રસન્ન થકા તમને યાદ કરે છે
સૌ ભક્તોને પણ અમે રાજી થકા સંભારીએ છીએ
તમારે પણ સંભારવા ને સૌને રાજી રાખવા.

આટલું કરી, ધબ્બા મારી, ખૂબ પ્રસન્નતા વરસાવી.



*૧૦ એપ્રિલ ૨૦૨૦, સવારે ૩.૩૦*
*રાત્રે સૂતા પહેલાં બાપાનો પ્રાગટ્યદિન ક્યારે હશે તે વિચારતાં આંખ બંધ થઈ... ને શમણે પધાર્યા...*